
ORI
295.63
Joj/Tou
51479
00051479

Mr. Gustasp K. Nariman.

Born 9–8–1873. *Died 4 April 1933.*

Author of:

(1) "Literary History of Sanskrit Buddhism";

(2) "Iranian Influence on Moslem Literature", from the Russian of Inostramzev;

(3) "Priyadarsika", jointly with Jackson and Ogden;

(4) "Religion of the Iranian Peoples", from the German of C. P. Tiele.

Digitized with financial assistance from the Government of Maharashtra on 15 June, 2016

તોસીફે જરતોશત

એટલે

પેગમબર હજરત જરતોશતની તારીફનો

ફારસી કેતાબ. ઉપરથી,

સોહરાબજી જંમશેદજી જીજીભાઇ

તોહફએ જમશીદ—તકવીમતે-દીને માજદીયસનાં—રાહે પારશા
અને જોહરે જનદેહગાંની બનાવનારે

કરેલો ગુજરાતી તરજુમો.

મુંબઇ

દફતર આશકારા પ્રેસમાં છાપીઉંછે.

સને ૧૨૩૯ યઝદજરદી.
સને ૧૮૬૯ ઇસવી.

TOUSIFFÉ ZURTOSHT

OR

PRAISE OF THE PROPHET

HUZRUT ZURTOSHT

BEING

A TRANSLATION IN GUZRATEE

FROM PERSIAN

BY

SOHRABJEE JAMSETJEE JEJEEBHOY

AUTHOR OF TOHFA-I-JAMSHEED,—TUQVIATE-DIN-I-MAZDEUSNA,
RAHÉ PARSA,—AND JOWHURRÉ ZINDEHGANI.

51479

Bombay:

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS.

1869

00051479

ભેટ.

એક માયાલુ અને, કીમતી દોસ્ત કે જે એનું નાંમ તેઓની મરજી ને માંન આપી છુપુ રાખવામાં આવીઊંછે તેઓને આએ નાંધલુ **પુસ્તક** તેહનો લખનાર મોહોટા પેયાર તથા માં ન સાથે નજર કરેછે. હજરત જરતોશતે જે ધ રમ સીખવ્યોછે તે ઊપર ચુસ્ત એતેકાદ રાખે તે હને ખરેખરો ભલો પારસી સહમજવો જોઇએ. પારસી જુબાંનમાંથી ગુજરાતી તરજુમો કરી જે **શેઠીઆ**ને આએ ચોપડી અરપણ કરવામાં આ વીછે તે ગ્રહસથ એ ધરમ ઊપર ઘણોજ મોહી તછે. થોડાક વખત ઊપર મુંબાઈમાં જે મોહોટું વધન આવી પડીઊં હતું કે જેહની અસર હમ ણાજ દષે થાતી જાએછે—તે અઈઆમમાં **એ સદગુણી માણસની** (બતલાવેલો) **હીમ્મત** અ ને **નેક નેહાદી**નાં ઘણા દાખલા મલી આવસે. વીપત અને સંકટની વેલા આએ ગ્રંથકાર સાથ

તેઓ એક લાયક દોસ્ત થઈ પડેઆ હતા તે વાસ્તે પોતાના એક ભલું ઈચ્છનાર મદદગાર તરીકે સહમજીને સેવક આએ સપ્રશ્નઓ તેઓને નજર કરી તેઓનું એહસાંન માંનેછે.

આએ નાંધેલો બદલો કઈ નાંધલી રાર ખી દોસ્તીનો નથી.

શોરાબજી જમશેદજી જીજીભાઈ.

બીચ કેનડી રોડ, ૧૧ ઓકટોબર ૧૮૬૯.

DEDICATION.

To a Kind and Valued Friend, whose name is suppressed in deference to his own wishes, the author dedicates this little *brochure*, as a token of esteem and regard.—Implicit faith on the religion taught by Zoroaster must always distinguish a truly good Parsee.—That faith is possessed and exhibited in an eminent degree by the Gentleman to whom the following translations from the Persian are dedicated. During the trying time through which Bombay has just passed, and from the effects of which she is but recovering, many an instance occurred of that Good Man's Generosity and Philanthropy.—The author himself found him a Staunch Friend in the day of adversity and need; and he desires this dedication and the following pages to be regarded as an acknowledgment of his deep sense of obligation to His Excellent Friend.

"*Parvum haud parvæ amicitiæ pignus.*"

Sorabjee Jamsetjee Jejeebhoy.

Breach Candy Road,
11th October 1869.

દીબાચો.

ખોદાએ રાસ્તી પસંદ જેહનું મુબારક નામ હ રએક શુભ કામની શરૂઆતમાં જોડવાથી તથા તે "ખાલકે બીનીઆજ" ને હરદમ તથા હર ઘડી યાદ કરવાથી સરવે પ્રાણી માત્રોને અગણીત ફાયદા થાએછે તે સબલાએાનેા ઈમા તે મબેથી થેાડાનેા પણ વીસતાર આપણાથી અપાઇ સકાતેા નથી—તે સાથે તે "કરીમે કારસાજ" નેા તરફથી આપણ બંદાએા ઉપર એટલીતેા બેશુમાર બખશેશેાનું નાજેલ થાવું થાએેચ કે તે સરવેની "શુકર ગુજારી" કેાઇથીબી પુરતી રીતે અદા થાઇ શકતી નથી—તેવારે આએે ખાકસારની તે શું મકદુર કે હાવા મુશકેલ કામમાં પેાતાનું સર ઉઠાવે, તેાએેપણ તે "ખાલકે મખલુક" નાં પવીત્ર નામની દીલથી આરાધણા પકડી અને તે "ખાવંદ" નાં મેાકલેલા બરહક મજદીયશની દીન નાં પેશવા હજરત વખશુરે વખશુરાંન શત જરતેાશ ત અસફંતમાંન અનેાશેહરવાંનની છગરથી યાદ ધ રી—તથા તે નેકજાદ નર કે જે સાહેબને પેટે આએે

"હકીકે સરાપા તકસીરે" જનમ લીધો તેહના અ શેાઈ ભરેલા રૂહ ઉપર તથા કુલ આલમનાં અશેા ફ રોહર ઉપર હજારો હજાર દરૂદો આફરીં કરી આએ ના ચીજ બંદો સોહરાબજી જંમશેદજી જીજીભાઈ સરવે "બસ્તે કુસતીઆંનો" ની ખીદમતમાં અર જ ગુજારેય કે સેવકે પોતાની કુરસદને વખતે "હજ રત જરતોશતની તારીફ" કોઈ ઉલમાએ ફારસી જુબાનમાં કરી હતી તેહનો તથા કેટલાએક દાનાઓ નાં કહેલા "નસીહતના કલામો" નો ગુજરાતીમાં તરજુમો તેહની શરેહ સાથે કરેએોચ અને તેહનું નાંમ "તોસીકે જરતોશત" કરી રાખેઉંચ.

એ કેતાબ તહમેા સરવે દીન દોસ્ત મેહરબાંનો ની સેવામેા રજુ કરી સેવક એટલીજ ઉમ્મીદ રાખેચ કે હેની અંદર કોઈબી જગેાએ ભુલચુક સેવકથી સરજદ થાએલી નજર આવેતેા નવાજેશની રાહે દરગુજર કર વી કાંએજે તે "કુલ કુદરત" નાં ખાવંદની "જતે વા લા સીફાત" શીવાએ સરવે ખતા તથા ભુલ ભરેલુંછે.

આએ જોગવાઇએ સેવક પોતાના ફારસી પહડા વનાર ઉસ્તાદ પરોફેસર કાજી મીર અશરફ અલી (કે જેવણ હાલ "એલફીનસટન કાલેજ" માં ફારસી તથા અરબી જુબાંનની તાલીમ આપેચ તેઓ) નો

ખરા જીગરથી આભાર માનીને તેવણનાં નામની નોં ધ આગ્યે નાંધલી કેતાબમાં કરી રાખેચ.

રોજ ૨૦ મેા બેહરામ ઈજદ માહા ૧ લેા ફરવર દીન ઈજદ શેહનશાહી તથા માહા ૨ જો અરદીબેહ શત અમશાસપંદ કદેમી સને ૧૨૩૯ ઈમજદજરદી, તારીખ ૧૧ મી અકટેાબર ૧૮૬૯ અંગરેજી.

પેગમબરે પેગમબરાંત

હજરત શાત જરાતોશાત અસફંતમાન

ની ''

તોસીફમાં કોઈ ઊલમાએ શરસી જુબાંમો

કહેલા

તારીફના સખુનોનો ગુજરાતીમાં કરેલો

ત રજુ મો.

બે ત.

કુજા દાનમ બનઆતે ઊ સખું ગુફત,
નદાનમ નઆતે ઊ સર તા બણું ગુફત.

મા ઓ ની.

પેગમબરોનાં સરદારની તારીફમાં હું સું સખુંનો કહી સકું કાંએજ પેહલેથી તે આખર સુધી માહારેથી તેહની તોસીફમાં સખુનો ઓચરવાની તાકાત ચાલતી નથી (ઈમાને હજરત જરતોશતની જેટલી હું તા રીફ કરૂં તેટલી ઓછીછે.)

બૈત.

અગર કીરતાસ ગરદદ બરગે અશજાર,
વગર ગરદદ મુરકકમ આબે અબહાર.

મા ઍની.

કારણ કે તમામ આલમનાં જાહાડોનાં પાતરાં અ
ગર કાગજો બને અને તે સાથે દુનીઆના સઘલા દ
રીઆઓની સીહાઈ બને.

બૈત.

અગર ગરદદ કલમ જુમલે નએસ્તાં,
શવદ કાતેબ બદુનીઆં જુમલે ઈનસાં.

મા ઍની.

અને કુલ આલમનાં નંગલોનાં જાહાડો તથા વાં
સોની અગર કલમ બને અને તમામ જેહાંનના ઈન
સાંનો લખનારા બને.

બૈત.

નવીસદ નઆતે ઊ તા રૂજે મઈઆદ,
અજાં રૂજે કે ગશતેહ ખલક ઈજાદ.

મા ઍની.

અને જેવારથી દુનીઆં જાહેરમાં આવી અને
આલમનાં લોકો પેદા થએઆં તે દંનથી તે આખરી

જ્માંનાં સુધી તે બરહક તથા અશોઇ ભરેલા પેગમબ
રની મદેહ તથા વખાણ કરવાની જારી રાખે.

બે ત.

જ્સદ એક ના નવીશતે વસરૂે ઊ દાં,
કે નાયદ દર સખુંહાએ સખું દાં.

મા એ ની.

તોબી આપણી પાક મનદીઅશની દીનના સર દારની તારીફનાં સેા હીસ્સા મધેના એક ભાગબી પુ રેા થાએલેા નાં સહમનતેા કાંએજે તે સાહેબની હમ દે સના દાનાઇથી તથા અકલમંદીથી ભરપુર થાએ લા દાનાવેાબી પુરતી રીતે કરી સકેઆ નથી.

બે ત.

પસ ઇં બેકદર રા બાશદ ચે મીકદાર,
કે દર વસ્સાફીઅશ બાશદ સજ્વાર.

મા એ ની.

તાહારે હવે આએ બેસહમનજ્ તથા નાચીનજ્ની તે સું તાકાત તથા ગતી કે તે અશેા નરની વખાંણ કરવાને લાએક થાએ.

બે ત.

વલે બેહરે તબરરૂક દર કેતાબમ,
બરમ નામશ કે શાયદ નાંમ યાબમ.

આ ઓ ની .

તોએપણ બરકત દાખલ હું માહારી કેતાબમાં તે વખશુરે વખશુરાંન (ઈમાને પેગમબરોનાં પેગમ બર હજરત જરતોશત) નું મનોતું નામ દાખલ ક રૂંચ કે તે સાહેબનાં નાંમની પુનાઈથી કદાચ માહા રૂં નાંમ કાયમ રેહ ને હું નાંમદારી મેલવું.

બે ત .

નબીએ અવ્વલ ઈજાદે આલંમ,
નબીએ અશરફ અબનાએ આદંમ.
નબી કુ કદમ બર લા મકાં જદ,
બરફરઅત પુશતે પા બર આસમાં જદ.

આ ઓ ની .

એ આપણા પેગમબર સાહેબ દુનીઆંની પેદાય શમાં પેહલ વેહલા આશકારા થાએઆ એમને આદ મની પુશતથી જનમ પામેલા તે સાથે કુલ આલમને પેદાના કરનાર ખાવંદના નુરમાં મલેલા એમને બુજોર ગી તથા નામદારીમાં એટલે દરજજે પોંહોંચો ગએલા હતા કે જો કદાચ હેવું કહેઉં હોએ કે તે દીનની રેહનુમાઈ કરનાર સાહેબના મુબારક કદમ નીચે ત મામ ફરતું આસમાંનછે તો તેબી થાઈ શકેચ (ઈમા

ને હજ઼રત જ઼રતોશત તે ખાવંદે બેનીઆજ઼ની હજુ રીમાં બુજ઼ોરગી તથા માંનને લાયકના ઠહેલા હતા.)

બે ત.

નખુસ્તી આફ઼રીનશ અજ઼ જ઼માને,
બ જુજ઼ જ઼તે ખુદા જ઼તશ યગાને.

મા એ ની.

અને તે દાદગર દાદારે તમામ જ઼હાંન પેદા કી ધી તેહની આગમચથીજ હજ઼રત જ઼રતોશતનું પાક રૂહ સરજ઼વીઉં હતું એટલુંજ નહી બલકે તે કીરતા રની અશોઈનાં નુરનો જહલકાટ પણ તે બુજ઼ોરગી પાંમેલા પેગમબરના ચેહરા ઉપર ચમકાવીએ હતો.

બે ત.

ફ઼લક અજ઼ રફ઼અતે ઊ રફ઼અત અંદુજ઼,
મલક અજ઼ દાનેશે ઊ દાનેશ આમુજ઼.

મા એ ની.

અને ફ઼રતો આસમાંન જે આટલી બુલંદીને પેાં હોંચેલોછે તે હજ઼રત જ઼રતોશતની બુજ઼ોરગીના સબ બથી જાણવું તથા ફ઼રેશતાએામાં જે દાનાઈનું ગૈાહર દીપેચ તે પણ આપણી ખાલેસ દીનના પેશવાના પર તાપથી સહમજવું.

બે ત.

જ. અસરારે ખુદાવંદી ખબરદાર,
રમુજે ગેબદાંનીરા સજાવાર.

મા એ ની.

તે રેહમ તથા બખ્શેશના ખાવંદના સઘલા ભે દોથી વાકેફ તથા ગેબની વાતોના તમામ મરમ સહ જવાને પુરતી રીતે લાયક આપણાં શત જરતોશત હતા.

બે ત.

શેહનશાહે સરીરે અંબીઆઈ,
ખુદારા બંદેહ આલમરા ખુદાઈ.

મા એ ની.

તે સાથે હજરત જરતોશતને સઘલા પેગમબરોના શેહનશાહ અને તે પેદા કરનાર ખાવંદના બંદા તથા તમામ ખીલકતના સરદાર કહીએતો તે રવાછે.

બે ત.

બ સર મર અંબીઆરા હમચુ તાજે,
દુ ચશમે એહલે બીનશરા સીરાજે.

મા એ ની.

અને સઘલા ખાસ પેગંમબરોના માથાનું તાજ તથા દાનાઓની આંખનો પરકાશતો સુરજ જે જોઈ શું તો તેમી અશો જરતોશતછે.

બે ત.

જેહાંન મઝારેપ્રતરા આપ્રતાબે,
જુ દ્લામે એહલે જુલમતરા સહાબે.

મા ઞે ની.

અને તે દાવરે દાવરાંનની મેછાનતનો કુલ જેહાં નનો આફતાબ તથા ગુનાહ અને પાપના કરમો ક રનારાઞોને બદીના મારગથી છોડવી "રહે રાસ્ત" બતલાવનાર રોશન ચેરાગ જો જોઇઞેતો તે પણ હ જરત જરતોશતમાં મલી આવશે.

બે ત.

જ રાતોશત ઊંગેહ ગુપ્તશ ઈજ દે પાક,
નમી કરદમ નબુદી ગરતુ અપ્લાક.

મા ઞે ની.

જે વેલાઞે ઈજ દે પાકે આઞે તમામ દુનીઆ રચાવી તે સમે ઉપર ઞેમ ફરમાવીઉં કે "અઞે જરતોશત અગર તું નહી હતેતો હું બેહશત પેદા નહી કરતે" (અત્રે મારા પેચારા ભાઇઞોને બે સખુન જાહેર કરવાની સેવક રજા લીઞેચ અને તે ઞેછે કે તે બુનોરગી બખશનાર સાહેબે આપણા પા ક તથા પવીત્ર મજહબની રેહનુમાઇ કરનાર પેશવાને કેહવો મોહોટો દરજો બખશી આપણા ટોલાની

રેહબરી કરવા રવાને કરેએાચ કે તે સરવ શકતીવાંન
ના તે વીશે આપણાથી પુરતી રીતે ઉપકાર અદા થા
ઈ સકતેા નથી કારણ કે તે કુદરતના માલકે પેાતે
આએ રવેશે ફરમાવેલું છે કે જે હજરત નરતેાશતની
પેદાયશ નહી હતેતેા બેહશત નહુરમાં નહી લાવતે.
હવે જેવારે આટલીબધી નેઆમતેા તથા કરામતેા
બખશી તે પાક પરવરદેગારે દીનના દફતરેાથી સરફ
રાજ કરી હજરત નરતેાશતને આએ જેહાંનમાં આ
પણે ખાતર રવાના કીધા તેવારે સું આપણી ફરજ
નથી કે આપણે આપણી દીનની બુનેારગી તથા પવી
ત્રાઈ વીશે આપણા દીલથીજ વીચાર કરી અને શુકર
બજા લાવેા તેહના સરવે એહકાંમેા ઉપર ચુસ્ત રહી
એ અને તેમ કરવાથી કુલ જેહાંનના માલેકને ખુશ
નુદ રાખીએ—જુએા સાહેબેા ! આએ નમાનામા આ
પણા પરાગનદે થાએલા મજહબની સબલી ખુબીએા
" કમા હુકક હુ "—(ઈમાને જેહવેા તથા જેટલેા હ
કછે તેટલી) સહમજવાની અને તે ઉપર શરેહ કરવા
ની કેાઈનીબી શકતી તથા તાકાતછે ? તેવારે સું જે
કઈ થેાડુબી તે ઈનદે પાકની બખશેશથી આજે આ
પણે બંચાવી શકીયાએ તેહનેબી છેાડી તથા તજી મુ
કીએે, ના એમ કરવું બીલકુલ સજાવાર તથા લાએક
નથી—" ફુલ કે ફુલની પાંદડી "—જે કઈ આપણે

હાથ આજ બકાતછે તેહના વીશે તે રેહનુમાઈના ખા
વંદનાં શુકર બજા લાવી તે ઉપર ઉસ્તવાર તથા સાબેત
કદમ રેહવું—હા આમ્બે વાત ખરીછે કે આપણુ પુરા
તમ વખતનું સઘલું કેતાબખાંનું જે આજ આપણી
પાસ રેહયું હતેતો હાલ આપણી અશોઈ ભરેલી દીન
આઈનના કલામો ઉપર જે બીજાંઓ કમ ફેહમીથી હરફ
લઈ જાએચ અને ટીકા કરેચ તેમ કરતે નહી અને
કદાચ કોઈ જો તેમ કરતે તો સેહલાઈથી તેહવા સા
હેબોની ખાત્રી તથા મનપતીજ થામ્બે હેવા જવાબો
મલી આવતે અને તે વલી કેવારે કે આપણા ધરમ
પુસતકો સહમજી તથા પુરતી રીતે સહમજાવી સકે
હેવા ભંડોલના ધરાવનારા આપણામાં કોઈબી આજ
હયાત હતેતો તે કાંમ કંઈ મુશકેલ નહી હતું—લે
કીન આમ્બે પ્રસંગે સેવક એટલું જ બોલવા માંગેચ કે
આપણો કમ નસીબીને લીધે "દોરે ફલકી" થી આપ
ણું સઘલું કેતાબખાંનું તારાજ તથા બરબાદ થાઈ ગમ્બે
ઉં તેથી સું જે કંઈ આપણા હાથમાં હાલ થોડું ઘણું
રેહયું ચ તેહની ઉપર કનાઅત નહી કરીએ —" એક
દંમ ને હુજાર ઉમેદ " શુકર તે બારોહકતાલાના એ
ક જમાનો વલી પાછો હેવો આવશે કે સચ્ચાઈ, પા
કીજગી તથા પરેહજગારીને પસંદ કરનાર સાહેબ
આપણા ગુનાહથી આપણને પાછા ફેરવી નેક તથા

રાસતી ભરેલા મારગ ઉપર ચાલવાની હેદાયત બખ્ શીઆ વના રેહનાર નથી અને આપણા માકીન્હ મન્હબના ફરમાંનેાની ખુબીએા ઉપર વધારે અન વાલું પાડી તેહના એેહકામેા મુજબ ચાલવા તથા અ મલ કરવાની તે કેરદેગાર પેાતાને ખાસ ખજાનેથી આપણા ગુનાહ ભરેલાં દીલેામાં હેવીતેા અસર મુક શે કે આપણને " જીજ રાહે ખોદા " બીજે કેાઇ મા રગ સુહજસેજ નહી—વલેકીન હેવું બનવા આગમ ચ ઇનસાફની રૂએ જોઇસુંતેા આપણને ઘટમાનછે કે આપણે પણ સરવે દુનીઆઈ આરાસતગીને ખા બેા ખેયાલ સહમજી તે ખાવંદના બતલાવેલા " રહે રાસ્ત " ઉપર કદમ ભરવાની આગમચથી કેાશેશ કર તા રેહવું—અને ફારસીમાં એેક કેહવાત મશહુરછે કે,

મી સ રો.

જુયંદેહ એા યાબીદેહ.

મા ઞે ની.

" જીન્હે ઢુંઢા ઉન્હે પાયા "—(ઇમાને જેહને સેાધીઉં તેહને મલીઉં) તે મુજબ આપણા ટેાલાનાં સું અદના કે સું આલા સરવે સાહેબેાની ફરજછે કે સ રવે મેહરબાંનેાએે કેાઇબી મકાનમા એેકઠા મલી એે કસંપી એેક જેહતી અને એેકદીલીથી ચાલી ધરંમ સંબંધી જે કઇ બાબદેા હાલ આપણી સહમજમેા

નથી ઉતરતી તે ઉપર દીનઆઈનની કેતાબોથી સ હમજમાં લઇ જેટલું અજવાલું આપણાથી પડાએ તે ટલું પાડવું કે જેમ થાવાથી હાલ જેઓના દીલ મ જહબની ઉપર ડામાડોલછે તેઓ સીધે મારગે ઉતરે તો કેહવું બેહતર અને દરૂસ્ત થાએ વારૂં. પણ એ સધલુ બનતાં અને બજાવતાં એક લાંબો વખત ગુજરવો જોઈએ કારણ કે પેહલેતો આપણામા મજ દીયશની દીનના સરવે એહકામ બરાબર રીતે સહ મજાવી સકે તેહવા એકાદ ધરમગુરૂ શીવાએ બીજા ઓ નજરે નથી પડતા, વાસતે દીનની અછી તથા પુરતી રીતે ખાહેતગારી ધરવાને લાયકના આપણા ટો લામોથી સું બેહદીન કે સું અથોરનાંનને મુકરર ક રી તેઓની આગેવાંની નીચે જો એ કામ સપુરદ કરે ઉં હોએતો જેમ દાનાઓ ફરમાવી ગયાય તેમ—

બીજો.

મુશકેલે નીસ્ત કે આસાં ન શવદ.

આખરી.

કોઇબી હેવી મુશકેલ નથી કે આસાંન નહી થા એ પણ,

બીજો.

મરદ બાયદ કે હેરાસાં નશવદ.

માએ ની.

મરદને લાયક તથા સજ્જવારછે કે પોતે કંટાલી આજીરદા થાઈ ઉમેદની જે તતરાવીને ઉસ્તવાર કમ ર કશીચ તે નાંઉમેદીના મેદાનમા જાઈ છોડી નહી મુકે.

અરે ઈમારો ! જરાતો દીલમાં અંદેશો તથા ફીકર કરી વીચારો કે તે કુલ કુદરતના ખાવંદે આપ ણા મજહબની બાગ સપુરદ કરી પોતાના ખાસ તથા મકબુલ પેગમબરને આપણી રેહનુમાઈ તથા રેહબરી કરવા આએ જેહાંનમાં રવાના કીધા તેવારે સું આ પણે બેપરવાઈ કરીએ ને આપણો હક અદા નહી કરીએ ?—વાસતે માહારા મેહરબાંનો આપણા પરા ગનદેહ થાએલા મજહબને પાછો તાજો કરી મુસ્ત કીમ પાયા ઉપર લાવી મુકવાની તહમારી પેહલી તથા છેહલી ફરજ જે હુજરત જરતોશત તરફનીછે તે અ દા કરવા વના રેહશો નહી.

" પ્રમેશ્વર તુમચા કલ્યાણ કરો "

એટલા આસીસ દઈને સેવક આએ બીનાને અત્રે સમાપત કરેચ.

બેત.

કેતાબશ આયતે રૌશન જેહાંરા,
કલામશ હુજજતે બૈને બયાંરા.

આ એ ની.

તે અશોઇ ભરેલા પેગમબરની કેતાબ (ઈઆને અવસ્તાએા નં૬) જે છે તે ગેાયા તમામ આલમને રેાશની બખશનારી એક નેાશાનછે અને તે કેતાબની અંદરના કલામેા બયાંનને જાહેરમેા લાવવાની દલી લની માંનીંદછે (એટલે જે અવસ્તાના પાક કલામેા પઢે આથી સઘલી તરેહનો નાપાકી તથા બદી દુર થાઇ સકેચ, એટલું જ નહી બલકે તેહવું સદા જારી રાખનાર ધણી આખેરશ પેાતાની નેક મેારાદનેબી પેાંહેાંચી સકેચ.)

બે ત.

જ. નુરશ આફતાબે આલમ અફરૂજ.,
કુનદ ઈખજે. જીઆ તા મીશવદ રૂજ.

આ એ ની.

અને તે પાક કલામેાની બરકતથી આલમને રેા શન કરનાર આફતાબ મુનવ્વર થાએચ કે જેથી ક રીને રાતની અંધેાચારેામાંથી દીવસનું અજવાલું પ્રકાશેચ (ઈઆને ગુમરાહી તથા નાપાકીનો રાહ મેા ફસી ગેાતાં ખાનારાએાને વાસતે હજરત જ રતેાશતની લાવેલી મંજદીયસની દીનનો મુબારક કેતાબ રેાશન આફતાબની મીસાલે બેહશતનો મારગ ખુલ્લેા કરેચ.)

બૈ ત.

શુદ અજ. રાયાતે દીનશ કુપ્પર બર બાદ,
ચુનાં કજ. કુપ્પર નારદ હીચ કસ યાદ.

મા ઞે ની.

અને તે અશોઈ ભરેલા નેકજાદ પેગમબરની દી
નનાં જુહનડાના ઉડવાથી બુતપરસ્તી હવીતો બરબા
દ તથા ગુમ થાઈ ગઈ કે કોઇ શખ્સ કુફ્ર (એટલે
જે બીદીની તથા નાપાકી) ને આજ યાદ કરતું નથી
(ઇબ્રાને હજરત જરતોશતે જે વખતથી પોતાની તે
દાદારની જેહાનથી લાવેલી દીનને આશકારા તથા
જાહેર કીધીચ તે દીવસથી સઘલી તરાંહની દુરગંનદી
નજીસાઈ, બુતપરસ્તી તથા ગુમરાહી આઞે જેહાંન
થી મફકુદ તથા નાબુદ થાઈ ગઈચ.)

બૈ ત.

મલાયક પાસબાંને આગ્રતાંનશ,
હજારાં બંદેહ હમચું આસમાંનશ.

મા ઞે ની.

અને તે સાહેબે પાકની બારગાહની પાસબાંની
ફરેશતાઞોથીછે અને આસમાંનની બુજોરગો પાને
લા હજારો સાહેબો તે પાક તથા બરતર પેગમબરની
ખીદમતમાં રજી રેહચ.

બેત.

મુકદ્દમ ગૌહરે દર બેહરે ઈજાદ,
શહે મસનદ નશીંદર બજ મે ઈરશાદ.

માઅ્ને ની.

પરવરદેગારની પેદાયશમાંનું પેહલું ગૌહર તથા શાનદાર નુરાંની મજલસોમેા ખુનોરગો તથા દબદબા ભરેલી જાગા ઉપર પેહલી કુરસીએ બીરાજનાર આ પણા બરહક પેગમબર હજરત નરતોશત હતા.

બેત.

જહુ પેગમબરે કે અંદર જમાંને,
જેહાંરા દાદ અજ જુલમત કીરાને.

માઅ્ને ની.

આફરીન હેવા અશેા પેગમબર ઉપર આએ જમાંનામાં હેાને કે તે સાહેબે આએ જેહાંનમાં બરહક મજદીયશની દીન લાવીને તમામ આલમને કુફર તથા બદીના અંધકાર મારગથી છેાડવીને રેાશન રાહ ઉપર લાયા.

બેત.

જેહાં અજ રાહે ઈયજદાં કરદ પુરનુર,
કજીઓ કાસતી કરદ અજ જેહાં દુર.

મા ઞે ની.

અને તમાંમ આલમને ઈયજ્દાંની મારગ બત લાવી રોશની ભરેલી કીધી તે સાથે સરવે રીતની બુરાઈ ભુંડાસ તથા બદકારીને દુનીઆથી તારાજ તથા દુર કીધી તેહવા સાહેબના પાક રૂહ ઉપર તેહ સીન હોજો.

બે ત.

બ વસ્તા કાલબે દીવાં નેહાં કરદ,
રૂઆંરા દર રહે ઈયજ્દાં રવાં કરદ.

મા ઞે ની.

અને તે હજરતે અવસ્તાના પાક કલામની બર કતથી દેઞેાને દુનીઆથી મકહુર કરી નાખીઆ અ ને તે સાહેબની મારેફતે ચાલનારાઞેાને ઈયજ્દાંનની રાહ ઉપર જારી તથા રવાનાં કીધા.

બે ત.

જેહાં અજ કુપ્પર બુદ અંદર તબાહી,
ન દાંનસ્તી કસી જુજ્ કુપ્પર રાહી.
બચાહે કુપ્પર અંદર ગશતેહ ગરકાબ,
જ્ સરહશાં ગુજ્શતેહ બુદ કુપ્પરાબ.

મા ઞે ની.

અને તે વેલાઞે દુરવંદીની રાહ ઉપર ચાલવા

થી તમામ જેહાંન ખરાબીની હાલતમાં આવી પડી હતી અને બુરાઈ તથા નાપાકી શીવાએ બીજી કસું સહમજતી નહી હતી અને બુરી રસમો ઉ પર અમલ કરવા મંડી હતી તે એટલા સુધી કે આ એ દુનીઆમાં બદફેલી—નાસીપાસી—નમકહરામી અને એ વતરોગે બીજી સઘલી તંરેહના કુકરમો હેવાં તો જડ ઘાલી બેઠાં કે જે કોઈ તે ઓવારે ઉતરતું તો માથાંથી તે પગ સુધી તે ખીબાસતના પાણીમાં ગર કાબ થાઈ જાતું.

બે ત.

બ તીઈહે જુલમત અંદર ઊિપ્તાદેહ,
રહે ઈયજદાં હમે અજ દસ્ત દાદેહ.
બુતો બુત ખાંનેહા બુદ ગશનેહ મઆમુર,
જેહાં અજ રાહે ઈયજદાં બુદ પુર દુર.

મા એ ની.

અને ઈયજદાંનની બલી રવેશની મોકલાવેલી રા હ છોડી દઈને દોજખના ઉંડા ગારમાં તેહવા શખ સો જાઈ ફસતા. તે સાતે બુતપરસ્તી તથા બુતખા નાં એટલાંતો આએ દુનીઆમાં વધી પડેઆં હતાં કે ઈયજદાંનના બતલાવેલા રોશન મારગથી તમામ આ લમ વેગલી તથા દુર પડી ગઈ હતી.

બેત.

હીદાયત કરદો રાહે રાસ્ત બીનમુદ,
જ઼ દીલહા જ઼ંગે શીરકો કુપ્પર બીજ઼ દુદ.

ભાએ ની.

તેહવા બીકટ તથા દુરગંદ અઈઆમમાં હુજ઼ર ત જ઼રતોશતે હેવા પાપી તથા ગુનાહગારોના જ઼ંન નો છુટકારો કરવા તેઓને પોતાની નેક મનશનીની રાહ ઉપર ચાલવાની દઆવત કીધી અને તેઓના નાપાકી ભરેલા દીલો ઉપર જે ગુમરાહીનો કાટ ચહ ડી ગયો હતો તે ભલો મઅ઼દીયશની દીનનો મારગ બતલાવી દુર કરી નાખીએ. (જુઓ મારા પેઆ રા ભાઇઓ તે અજ઼્મ કુદરતના ખાવંદની આપણ ખાકી બંદાઓ ઉપર કેહવી મરેહમત અને કેહવો પેઆરછે કે તે સરવ શકતીવાંન સાહેબે પોતાની અ પરમપાર બખશેશથી હાવી કુફર રાહી તથા સરવ ત રાંહની બદીથી છોડવવાને કીજે આપણે વાસતે હા વો " મકબુલે બારગાહે ઇલાહી " (એટલે જે તે ખાવંદે બેનીઆજ઼ની બારગાહથી પસંદ તથા કબુલ થાઇ ચુકેલો) પેગમબર મોકલી સીધો તથા સુતરો મા રગ આપણી નજ઼ર આગલ ખુલ્લો કીધો, તે ખુબી ત થા પાકી ભરેલા રાહ ઉપર આપણ કદમ ભરવાથી પ છાત પડીએ અને જે મીસાલે અનઘડ તથા નાદાની

ભરેલા પુરશો ચલકતાં પીતલને સુનાંના કરતાં પોતા
ની જેહાલત ભરેલી આંખ્મો જગા કરીને ખાલેસ
સુનાંના કટકાને એક કીનારે મુકી પાંચ ઘડી ઝલઝલ
કરતા પીતલના કટકાને વધારે દીલની ખાહેશથી પો
તા તરફ ખેંચેચ તે મુજબ આપણે જો ચા
લતા હોઈએતો તહમો કંઈં હેવું ગુમાંન લ
ઈ જાઈ શકશો કે આપણી ઉપર બલાએ ના
ગેહાંની ઉતરે તેહવા વીપત, દુખ તથા સંકટમાં તે
સરવશકતીવાંનને ઈમ્માદ કરી તેહના બતાવેલા અ
શોઈ ભરેલા મારગો ઉપર ચાલવાની કોશેશ કરીશુંતો
તે કરીમ તરતજ આપણો છુટકારો કરી દેશે—ના—ક
દી નહી વાસતે હેવો ખેપાલે મોહાલ તહમોએ છોડી
દેવો જોઈએ, તે સાથે આટલું બી ઈમ્માદ રાખજો કે
તે ખાવંદની નજદીક કોઈ ચીજ મુશકેલીમ્મત ભરે
લી નથી તે જો ચાહેતો એક લેહજાની અંદર રાઈના
બારીક દાણાને મોહોટા ગંજવાર પાહાડના જેહવો
કરી નાખે અને પાહાડને રાઈના બારીક દાણાના ક
રતાંબી વધારે બારીક કરે તોએ પણ દાનાઈની રાહે
નજર પોંહોંચાડી જોઈશુંતો આએ નીચે ટાંકેલી ફાર
સી કેહવત વધારે ઉપયોગી થાઈ પડસે.

મીસરા.

હરચે કે દર દીગ અસ્તત બર કુએ મીઆયદ.

ભાખ્યે ની.

જે કંઈ કે દેગરાની અંદર તમોએ પકવાન પ કાવી રાખીઉં હોએ તેજ પકવાન તહમો દેગરાની અંદર કરછો મારસો તેહવું બાહાર નીકલી આવસે (એટલે જે જેહવાં તહમોએ પેહલેથી બીજ વાવી આં હોશે અને તમારા દીલોજાનને તસદી આપી તે ઉપર જેહવી રીતનું આગમચથી સીપણું કરી રાખે ઉં હશે તેહવાંજ આખરે કાર ફલ ચાખસો.)

આએ વેલાએ હમો હમારી અસલ મતલબ કે જે હજરત જરતોશતની મદેહ તથા શાંતમાં ફારસી જુબાંનમો કહેલાં બેતોનો તરજુમો કરવાની હતી તે થી કદાચ આડા ફાટા હોઈએતો માહારા મેહરબાંનો થી હું માફીની ઉમેદ ચાહુચ અને એટલુંજ બોલ વાની હું રજા લેઉંચ કે આપણા બરહક પેગમબર ના ફરમાંન મુજબ આપણ સરવ કોઈને સદા ચાલ વાની જરૂરની ફરજછે લેકીન જેમ બંગ આવે તેમ.

બીસરો.

સુખમે સોની ઔર દુખમે રાંમ.

ભાખ્યે ની.

સુખ સંપજની વેલાએ તે કીરતારને સદ્દનતર દીલથી ભુલી જાઈ ઘરેણા ગાંઠા કરાવાની પેરવીમો ત થા બાગ બગીચા અને ગાડી ઘોડાએાની મોજ મહ

જાહમેા દીવસેા ગુજારવા અને દુખની વેલાએ "રા મ નામની જપના" નું ડેાલ ધાલી બેસવાથી આ પણે બેવડી જંનજાલમાં ફસી પડીએચ અને તેહવી ભલા આએ પાંચ દાહાડાની જીંનદેહગાનીના અઇ આમમાં આએ ખાકસારે પેાતાની ટુકી વએમાં કં ઈ થેાડી ભેાગવી નથી. વાસતે સેવક પેાતાના અનુ ભવ ઉપરથી એટલું જ જાહેરમેા લાવેચ કે—

આએ ફાંની દુનીઆંથી કેાઇબી પ્રકારે કેાઇએ સારાં ફળ ચાખવાની ઉમેદ રાખવી નહી. જીવેા આએ દુનીઆ કેહવી સ્વારથીછે કે સુખ અને સં પજની વેલા અણુચીતી અને વગર બેાલાવવે આવી મલેચ અને જેવારે કેાઇનેા નબલેા દીવસ બેસવાનેા થાએચ તે વેલાએ તેહને એકજ તરાંહનું વીપત સેા સવું પડતુ નથી. બલકે સધલાં વીધનેામાં મેાહેાટું સંતાપ ભરેલું વીધન એ આવી પડેચ કે જે અમસા પેાતાના હેાએચ તેએા પીઠ ફેરવી બેસેચ અને કેાઇ બી તરાંહની મદદે તથા દુખમેા પડનારની ઇઆવરીએ આવતા નથી, એ કેહવું હીનપસ્તી ભરેલું અને તે દાવરે દાદગરની નજરમાં પાપી તથા નીરદએ કરમછે તે ફકત સહમજવું લાજમછે, બેાલીઆથી કસેા તેહનેા બ રાબર રીતે વીચાર આવી શકતેા નથી લેકીન સરવે કેા ઇએ ઇઆદ રાખવું જરૂરનું છે કે "ભલા કર ભલા

હોગા " વાસતે પડતી અવસ્થામેા આવેલાઓની પુ શતી તથા પનાહ કરવાનું સરવે કેાઈને લાયગે ચેાં હેાંટતું નથી અને સેંહકડેા હજારેામાં કેાઈજ હેવેા આઈનેા પુત નીકલી આવેચ, વાસતે આએ સભા ઉપર તેહવા નરની સરવદા રહીમદીલેાની વાફેરી નરંનજંન જીગરથી થીઆરના દીમટામે તરફી ચા હીએચ તે તે કુલ જેહાંનનેા માલેક બીજી સધલી નેઆમતેા સાથે જુદ બખશે. આમીન !

આએ દગલબાજ તથા ફરેતુર ભરેલી દુનીઆ કેાઈ ઉપર સદા બરકરાર રહી નથી તથા રેહનારબી નથી, તેવારે એ " સે પંનજી " (એટલેજે ચાર પાંચ દાહાડાની) સરામેા વસનારા સાહેબેાએ ખુબ દુર અંદેશેા કરી વીચારવું જોઈએ કે એ બકરબાજ દુનીઆ નાં રેંહેંટ માલામાં જોડાયાથી જેહવી જેહને સહજ જ પડી તેહવેા મારગ તેએા દરપીશ લઈ બેઠા અને શત વખશુરાંને વખશુર હજરત જરતેાશત અસફંત માંન અનેાશેહરવાંનના બતલાવેલા સીધા અને રા સ્તી પસંદ મારગને તજી ઉલટે મારગે ચાલવાથી પેાતાની સજાને પુગી હેરાંનગતી ભેાગવી પરીશાંન થાએઆ; તેમજ હજી જો એજ રવેશે જાહાજા દાહાડા ચાલસેતેા આડે મારગે ચાલનારાઓની તથા આપણી દીનની વધારે ખરાબી થાશે હેમાં કસેા શક કે શુબેહ

નથી, વાસતે હાવા બારીક અઇઆમમાં સરવે બસ્તે કુશતીઆંનોની ઐન ફરજ઼ છે કે પોતાના પવીત્ર મ જ઼હબમાં ફરમાવેલા દરએક હોકમને માંન આપી તે મુજબ ચાલવાનો કમર ઉસ્તવાર બાંધી સરવેનું ભલું ઈછ્વું અને વીપત સંકટ તથા દુખની રેલનાં દરીઆ વમાં પડી ગોતાં ખાનારાઓની—તે કરીને કારસાજ઼ે આજ઼ે જ઼ેઓનાં હાથમાં—પાગરનાં મજ઼બુત દોરડાંઓ ની બખશેશ કરેલીછે તેઓની મદદે પોંહોંચવું, એટલું જ નહી લેકીન તેઓને સલામતીનાં કીનારા ઉપર લાવી અમનો અમાંનમાં છોડવા કે જ઼ેમ કરવાથી તેહવા સાહેબોઓ બેહુ જ઼હાંનની નેઆમતો હાંસલ કરેલી કેહવાસે અને હજ઼રત જ઼રતોશતની દીન પા છી તાજ઼ગી ઉપર આવસે તો તે પેગમબર સાહેબની તરફથી તેહવા સાહેબો ઉપર હજ઼ારો દરૂદ વારેદ થાસે.)

બે ત.

સીરાતે મુસ્તકીમો અદલો મીજ઼ાંન,
નમુદો કરદ દુર અજ઼ જુલમો તુગ્યીઆંન.

મા ઞે ની.

તે અશોઇ ભરેલા નરે અદલ તથા મીજ઼ાંનથી ગો ઠવી હેવોતો મજ઼બુત તથા સુતરો તરીક આપણને બ તલાવી તે ઉપર ચાલવાની હેદાયત કરીચ કે જો આ પણે ચાલીએતો દુનીઆઇ સઘલી તરાંહની જ઼ંનજાલ

તથા ફેસાદ અને ટંટા ભરેલા મારગોથી અલગા થા ઈ રહીએ—

બેત.

બુતો બુતખાંનેરા પાશીદ અજ્હમ,
બ બુતખાંને દરૂં અંદાખત માતમ.

મા એ ની.

અને તે પેગમબર સાહેબે મુરતીઓને તથા મુર તી પુજવાની જગાઓ તથા મકાંનોને હેવાંતો પાય માલ તથા પરાગંનદેહ કરી નાખીઆંય કે ગોયા તે અસલી જમાનાના મથકો આજ ઉજાડ તથા વૈરા ન થાઈ લાંગી પડેઆંય.

બેત.

બ બુતખાને દરૂં આતશ દર અંદાખત,
જ આલમ બુતપરસ્તીરા બર અંદાખત.

મા એ ની.

એટલું જ નહી બલકે બુતખાંનાઓની અંદર આ તશ સલગાવી તમામ આલમની નજર આગલ બુત પરસ્તોની જડ મેખ ઉખેડી બાલીને બસમ કરી નાખી.

બેત.

જ શીરકો કુફર આલમરા રેહ કરદ,
બ રાહે હક પરસ્તી આશના કરદ.

મા ઞે ની .

તે સાથે કુફર તથા બેઈમાંનીના રસ્તાથી આલમને છોડવી—"હકતાલા એકલોજ પરસ્તશને લાયક છે" હેવો સફાઈ ભરેલો મારગ આપણી નજર આગલ જાહેર પાડીએ. . .

બે ત .

બરૂહે પાકે ઊિ અજ દાવરે દાદ,
સનાએો આફરીંને બી કીરાં બાદ.

મા ઞે ની .

હેવી રાસ્તીની રાહ બતલાવનારા અશેા પેગમ બરનાં પાક રૂહ ઉપર દાવરે દાદગરની તરફથી બેહદ તથા બેશુમાર તેહસીન તથા આફરીન હેાજો.

બે ત .

ફીદાએ નાંમે પાકશ બાદ જાંનમ,
કે બઆદે હક કસી જુ જ ઊિ નદાંનમ.

મા ઞે ની .

અને તે સાહેબે પાકનાં નામ ઉપર મારા જાં ન ફીદા હેાજો કે તે કુલ કુદરતનાં ખાવંદની બાદ બીજા કેાઈને તેહના સીવાએ હું એાલખતો નથી. (આપણુ સરવે હજરત જરતેાશતની મીલત ઉપર ચા લનારાએાની પેહલી ફરજતો એજછે કે આપણા પેદા

નાં કરનાર સાહેબને સદા હીરદામાં રાખવો અને તે વાર પછે તેહના પસંદ કરેલા પેગમબરને ઈઆદ કર વો અને તે શીવાએ આએ લુલાવામાં ગેાતું દેનાર દુનીઆની અંદરની બીજી સઘલી માયાએા વીઅર થ તથા ફેાકટની જાણવી.)

બે ત.

બ ઔલાદશ કે મીશકાતે હુદાયંદ,
જેહાંરા હમચુ નજમે અહતે દાયંદ.
દરૂદે આફરીં બાદા હજારાં,
દીગર બર જુમલએ અસહાબેા યારાં.

મા એ ની.

તે સાહેબે કરામાત તથા અશેાઈ ભરેલા પેગમબ રની ઓલાદ કે જે નેક રાહની ઉપર ચાલનારાઓ ની નજર આગલ રેાશન ચેરાગની મીસાલેછે અને તમામ જેહાંનનાં લેાકેાને સીધા મારગ ઉપર ચાલવા ની હેદાયત આપનાર તથા તે રાહ ઉપર લઈ જનાર એક ચલકતા સેતારાની માંનદછે તેઓ સઘલાઓની તથા તેહના શાગેરદેા તથા ચેલાઓની ઉપર હજારેા હ જાર દરૂદ તથા આફરીન હેાજો.

હજરત જરાતોશતની શાંને આલીમાં કરેલી તારીપનુ બીજું વરણન.

બેત.

જ જુમલએ બરગુજીદેહ બરગુજીદેહ,
જેહાં બેહરે વજુદશ આપરીદેહ.

માએ ની.

સરવે કાએનાત (એટલેજે તે ખાલકે બેનીઆ જની પેદા કરેલી વસતી) માં સઘલાએ કરતાં બારે હકતાલાની બારગાહે આલીમાં કબુલીઅતને તથા તે સાથે તે સાહેબની મારેફતને પોહોંચેલો—કે જેહને આએ જેહાંનમાં જહુર આપવાને કીજે તે પાક પર વરદેગારે દુનીઆંને નીસ્તીના પરદામાંથી કાહાડી હસ્તીના મેદાનમાં મુકી તે—કહેએ નર હતો હેવો જો સવાલ કોઈ મુકેતો તેહનો જવાબ એનજછે કે તે સાહેબ આપણો બરહક પેગમબર હજરત જરતોશત હતો.

બેત.

નખુરતી નુકતએ પરકાર ઈજાદ,
શેહનશાહે સરીરે મુલકે ઈરશાદ.

માએ ની.

પેહલો નુકતો કે જેહની ઉપર પરકાર મુકીને ગો

લ દાએરો ખેંચવામેા આવેચ (એટલેજે આએ જ હાંન રચવાનેા પેહલેા સબબ જે જેવેાતેા) તે તથા હુ કમરાંનીના મુલકના તખતનેા શેહનશાહ જે કહીએ તેા તે આપણેા શત પેગમબર હજ઼રત જ઼રતેાશત હતેા.

બે ત.

કમીને બંદએ ઊ માહેા ખુરશીદ,
ચુ મેહ અજ઼ ખુર ખુર અજુ ગશતે પુરશીદ.

મા એ ની.

અને રેાશની તથા નુર ભરેલા માહ તથા ખુરશીદ જેહવા સેતારાએા હજ઼રત જ઼રતેાશતની ઈતાઅત તથા ફરમાબરદારી ઉઠાવનારા બંદાએાછે અને જે ર વેશે સુરજના નુરથી ચાંદને રેાશની મલેચ અને તે પ્ર કાશેચ તેમજ હજ઼રત જ઼રતેાશતના મુબારકી તથા નુ રાંની ચેહરાના ચલકાટથી સુરજ તજલ્લી પાંમેચ.

બે ત.

અમીને ખારગાહે ઈજ઼દે પાક,
તુએલે હસ્તીએ ઊ ખાકેા અફલાક.

મા એ ની.

તે સાથે ઈજ઼દે પાકની બારગાહનેા વીશવાસુ અ મીન—કે જેહની જાતે પાક આએ નાપાએદાર જેહાં નમાં અવતરીઆના સબબથી જ઼મીન તથા આસમાં

ન જ઼હુરમાં આવેઉં તે—પણ આપણા ફ઼તેહ તથા ફ઼ીરોજ઼ પાંમેલા પેગમબર હજ઼રત જ઼રતોશતનાં હતા.

બે ત.

ફ઼રાજે અરશો કુરસી પાયએ ઊ,
ન પાયદ અરશ અંદર સ઼ાયએ ઊ.

મા ઞે ની.

"અરશો કુરસી" (જેહને હાલ આપણી કે મના કેટલાએક પુખત ઉમરે પોંહોંચેલા સાહેબો "અ રજ કુરસ" ને નામે ઓલખેછે અને જેહની નવ મા આસમાંન ઉપર જગા કરેલીછે તે) ની બુલંદી નો સબબથી હજ઼રત જ઼રતોશતની ખુબીથી જાંણવો અને તે કુલ જેહાંનના માલેકના નુર તથા તજ્જલી ભરેલા તખતની રોશની તથા ચમકાટ પણ હજ઼રત જ઼રતોશતના મુબારક ચેહરા આગલ કસ્સું વજ઼ન ધરા વતી નથી.

બે ત.

જ઼આએ ચશમો જાંને ઐહલે બીંનશ,
મુતરરજ઼ જુ. તીરાજે આફ઼રીંનશ.

મા ઞે ની.

અને દાનાઇ તથા અકલમંદી ભરેલા સાહેબોનાં જાંન તથા આંખની રોશની જે જોઇશું તો હજ઼રત જ઼

રતોશતથી હતી તે સાથે જે કદાચ પુછીસું કે તે ખા લકે બેનીઆજ઼ને આએ બંધે જેહાંન વજુદમા લાવ વાંનો સેા સબબ હતેા તેા તેહનેા જવાબ હજ઼રત સ રેાશની તરફથી હેવેાજ મલસે કે હજ઼રત જ઼રતેાશતના પેદા થાવા વતરેાગ બીજો કસ્સેા નહી હતેા.

બે ત.

વજુદશ ઈલતગાહે તકવીં,
ગુજ઼શતેહ અજ઼ મલક દર જાહેા તમકીં.

મા એ ની.

તે સાથે તે હજ઼રતે પાકનું નેક વજુદ જાહેરમા આવેઆથી ગેાઆ પાકી તથા પરહેજ઼ગારીનેા રેવાજ અકસમાત બેશી ગએા અને તેહના તુફેલથી હજ઼રત જ઼રતેાશતનેા દરજ્જો તથા દબદબેા ફરેશતાએા કરતાં બાલાએા બરતર થાએા.

બે ત.

હરાં ચીજે કે દર બાલાએા પસ્ત અસ્ત,
જ઼ હસ્તશ હસ્તીએશાં બ હસ્ત અસ્ત.

મા એ ની.

અને જે ચીજ઼ પછે તે સું જ઼મીન ઉપર કે આ સમાંન ઉપરની હેાએ તે સરવેની પેદાયશ હજ઼રત જ઼રતેાશતના નેક વજુદથી જાંણવી (ઈઆને હજ઼ર

ત જરતોશતનું પાક રૂહ કે જેહને "અકલે અવ્વલ" તથા "અકલે બેહુમન" કરીનેબી કેહ્ય તે જે વેલાએ પાક દાદગર દાદારે સધલી દુનીઆં રચી તેહની આગમચ પેદા કરેયું હતું અને તેવારપછે તે કુલ આલમના પેદાના કરનારા ખાવંદે આએ તમા મ ખીલકત રચાવી જે ઉપરથી આટલું તેા ખુલલું દી સેચ કે જો પેહલે "અકલે અવ્વલ" પેદા નહી કર તેતેા આએ આરાસ્તગી જહુરમેા નહી દીસતે.)

બેત.

મલકરા કેાહલે દીદેહ ખાકે રાહશ,
ફલક જારૂબ જન દર બારગાહશ.

આએની.

અને તે પાક તથા અશેાઈ ભરેલા પેગમબર હ જરત જરતુશતના પાંઉની ખાકને ફરેશતાએા સુરમા ની જગેાએ ઈસતમાલમા લાવતા હતા અને તે સાહે બની બારગાહનેા કચરેા આસમાંનની બુલંદીને પેાહેાં ચેલાએા કાહાડતા હતા (ઈચ્યાને હજરત જરતેાશતની પદવી સરવે ફરેશતાએા કરતાં બુજોરગી ભરેલી હતી.)

બેત.

કીલીદે મખજને ઈસરારે દાવર,
બહશર ઊિપ્તાદેગાંરા ઈઆરેા યાવર.

આ ઓ ની .

તે સાથે તે સાહેબે બેનોઆજ઼ નાં સરવે ભેદોના ખજા઼નાની કુંચી જે જોઈશું અને " ફ઼જે રસ્તા બેજ઼ " ને વખતે સાહેતા તથા મદદનો કરનાર જે પુછીશું કે કોણ થાએ તેા જવાબ માત્રે એટલોજ મ લશે કે હજ઼રત જ઼રતોશત શીવાએ બીજો કોઈ નથી.

બે ત .

કસી કુ બેહરે તઆજ્ઞમશ ફ઼લક પુશત,
દુતા કરદે કે બાશદ ગૈારે જ઼રતુશત.

આ ઓ ની .

આએ ફ઼રતેા આસમાંન તાજ્ઞમ તથા તવાજ઼ો ક રવાને કીજ઼ પેાતાની કમરથી વાકેા વલી ઉભેાચ તે હજ઼રત જ઼રતેાશતને આદરમાંન આપવા શીવાએ બીજા કેાણને વાસતે ઉભેા હશે વારૂં.

બે ત .

અમીરેા મીરે ખૈલે જુમલએ વખશુર,
જ઼ સુએ હક બ હક હ઼દીએા દસ્તુર.

આ ઓ ની .

તમામ પેગંઅબરેાનાં ટેાલાં ઉપર સરદારી તથા બુજ઼ોરગી ભેાગવનાર અને હકની બારગાહથી આવી હકની તરફ રેહનુમાઈ તથા રેહબરી કરનાર દસતુર તે હજ઼રત જ઼રતેાશતછે.

બૈ ત.

વજુદશ મકસદે અકસાએ આલમ,
મુકકદમ બર હમે અબનાએ આદમ.

મા એ ની.

તે ખાલેકની આરાસ્તા કરેલી તમામ આલમની વસતીના દીલની ખાહેશ તથા આરજુ જો જોશોતો તે નેકજાદ અશો નરતોશતના રોશન દીદાર શીવાએ બીજા કસાની નથી અને આદમની સરવે ઓલાદનો આગેવાન તુરરો જો હજરત નરતોશતને કહીએતો તે રવાછે.

બૈ ત.

નેહદેહ સર બખતતશ ઈનસો હમ જાં,
રવા બર હુ જેહાંનશ હુકમો ફરમાં.

મા એ ની.

અને જેહની લખાવટ ઉપર ઈનસાંનોએ પોતા નાં સર જુહકાવી જાંન હાજર કીધો તે સાથે બંધે જેહાંનમાં જેહનું ફરમાંન તથા હુકમ જારીછે તે હ જરત નરતોશતછે.

બૈ ત.

મુજયન જુરત દીંરા તખતો હમ તાજ,
કમીં પાયએ જ જાહે ઊસ્ત મેઅરાજ.

મા ઓ ની.

અને આપણી દીનની બુલોરગી તથા પવીત્રાઈ તે સાહેબે પાકના મુબારક કદમથી જે વરદાર થાઈચ અને તે સાહેબની હલકામાં હલકી પદવી જે જોઈ શુંતો હક બારેતાલાની બારગાહમેા પોંહોંચવાની સી હડીછે. (અત્રે સેવક બે હરફ જાહેર કરવાની રજા લીએેચ—આજે આપણી કોમના કેટલાએક સાહે બેા હવા નીકલી આવશે કે જેઓએ મરેઠાઈ, મોગ લાઈ સારી રવેશે જોઈ હશે તેઓજ જાણતા હશે કે રા જા ઈઆ પાદશાહની મુલાકાત કંઈ સેહલાઈ તથા આસાનોથી થાઈ શકતો નથી પણ કેટલી કઠાવટે ત થા જે હમતે કોઈ પુરોજ ભાએેગશાલી નર હોએે તે હનાથીજ રાજા તથા પાદશાહની ખીદમતમેા જાઈ મુ શરફ થવાએેચ, લેકીન તે રાજા તથા પાદશાહની હ જુરીમા ફરનારા નોકર ચાકરોની સોહબતમેા જે કો ઈ શામેલ થાએેા હોએેતેા વલી તે મોહોડાં ઉપર ખમી નહી બેસવા દીએે એટલી બધી ગુસ્તાજી ત થા ધુષ્ટતાજી ફકત તેઓની અંદર ખુદ બખુદ જાહેર કરેચ—હવે જેવારે આએે પાંચ દાહાડાની અંતે ફના થાનાર દુનીઆની અંદર ફકત "બડે મલેકો" દા ખીદમતગારોની મુલાકાત હાંસલ કરવાથી ઉપર જ ણાવેલી રીતે તે અંનસહમજી લોકેા પોતાની મોહોટા

ઈનું બાંકુ ચુકી ફખર બતલાવેચ તેા સદ હજાર રેહ મત હજરત જરતેાશતની પાક જાદ ઉપર હેાજો કે તે એા સાહેબ હકતાલાના નુરની અંદર વાસેલ થાઈ ગ આ તેાએપણ પેાતાના અસલ ખમીરની આદત જે હતી તે તજી નહી—શાએરે ઉપર જે લખીયું ચ કે "તે સાહેબની હલકામા હલકી પદવી જો જોશેા તેા હકની બારગાહે પેાંહેાંચવાની સીહડીછે" તેા તેહને શાએરીના તેારમેા ખેાટું સું કહેવું વારૂં—આ જે એ કરતાંબી કરેાડેા દરજજે ઉતરતે મકાંન તક અગર કેાઈ શખ્સ તે ખાવંદની નજદીકીમાં જાઈ પેાંહેાંચે (એ ટલે જે કઈ "કશકૂેા કશમાત" બતલાવે) તેા તેહની શું આપણે થેાડી ઈતાઅત ઉઠાવીશું નાં નહી તેવારે ખેાદાવંદે આલમીયાંનને વાસેલ થાવાનુ જે મકાંન કે જેહને અત્રે આપણે "સીહડી" ને નામે એાલખી એચ તે જાગાતેા હજરત જરતેાશતને વાસતે હલકામાં હલકી પદવી લખીચ તેવારે ફકત વીચારવાનુજ રહયું કે તે સાહેબે પાકની આંખમેા આપણા પેગમબર સા હેબનુ કેહવું તથા કેટલુ વકર હશે અને તેજ ઉપરથી આપણ સરવે બસ્તે કુશતીઆંન ઉપર લાજમ તથા ફરજ થાઈ પડેચ કે તે અશેાઈ ભરેલા નરનાં "શરવે એહકાંમેા" ને માન આપી તેથી ડરતા ચાલવું.)

બે ત.

મુકમ્મલ અજ વજુદશ પાયએ શરે,
બુઅદ ઊ અસલેા દીગર હા હમે ફરે.

મા એ ની.

અને આપણી દીનનેા પાયેા જે હાવી ખુબીથી મુસ્તકીમ જડ ધાલી બેઠેાચ તે હજરત જરતેાશતનાં નેક વજુદથી જાણવેા, તે સાથે હજરત જરતેાશતની લાવેલી બરહક મજદીયશની દીન જેછે તે પેહલી અને રાસ્ત મજબુત જડની માનનદ અને બીજીએા ડાહાલ પાંખરાના જેહવી ગણવી.

બે ત.

શહે કે જૈશે ઊ ખેલે ફરેશતસ્ત,
બ કેહરેા મેહરે ઊ નારેા બેહશતસ્ત.

મા એ ની.

હજરત જરતેાશત અશેાઇ ભરેલેા હેવેા પેગંમબ રેાનેા પાદશાહછે કે જેહની ફેાજમેા ફરેશતાઓનું લ શકર સદા રેહેચ અને જેહનાં ઉપજાવેલા ગુસ્સા ત થા બતલાવેલી રેહમથી દેાજખ તથા બેહશત વજુદ મા આવેચ (ઇમાને હજરત જરતેાશતની ફરમાવેલી રાહથી ઉલટા ચાલવાથી દેાજખ અને તે સાહેબે કરા મતની ઇતાઅત તથા તાબેદારી ઉઠાવીઆથી બેહશ ત હાંસલ થાએચ.)

બે ત.

શહે કે તાજદારે અંબીઆ ઊસ્ત,
બ નુર અજ રાહે જુલમત રેહનુમા ઊસ્ત.

મા એ ની.

મોહોટે દરજ્જેના પેગંબરોનો પાદશાહ જે કહીએતો હજરત જરતોશતછે અને ગુમરાહી તથા બદકારીમો ફસી પડેલાઓને પોતાના નુરથી સીધો મારગ બતલાવનાર જે ગણીએતો તે પણ હજરત જરતોશત વતરોગે બીજું કોઈ નથી.

બે ત.

પીજશકે દરદે જુરમો યારે ઊમ્મત,
બ લબ ખુશકાંને અસીઆં આબે રેહમત.

મા એ ની.

અને તે અશોઈ ભરેલો આપણો બરહક પેગબ બર હેવો દયાલુ તથા રેહમ ભરેલા દીલનોછે કે પો તાની ઉમ્મતના લોકોના ગોનાહોના દરદનો હકીમ ત થા મદદગાર બનેચ અને પાપી તથા અધરમી લોકો ના પીઆસથી સુકાએલા હોટોને રેહમતના પાણીથી તરો તાજેહ કરનાર પણ આપણો હજરત જરતોશતછે.

બે ત.

દરૂંનશ મહમતે વહીએ ગરાગર,
બ ખીદમત જીબરઈલશ પેકો ચાકર.

આ એ ની.

અને તે પાકી તથા પરેહજ઼ગારી ભરેલા નરનું દીલ "ગરાગર" (એટલેજે તે ખાલેક) ના પેગામ ઉતરવાની જગાછે અને તેઓની જાસુસી તથા ખી દમતમાં જીબરાઈલ જેહવા ફરેશતાછે.

બે ત.

શરીયત યાફ઼ત અજ઼ વએસર બુલ્લંદી,
તરીકતરા બુવદ જુ. અરજુમંદી.

આ એ ની.

અને જા઼હેરની શરીયત તે સાહેબથી બુજે઼રગી પાંમી અને બાતેનની શનાસાઈનેા રસતેા (ઈમાને પરવરદેગારની પેછાનતનેા રસ્તેા) હજ઼રત જ઼રતેાશ તથી જીનતદાર થાયેા.

બે ત.

બ હક બુલ્લકે હકીકતરા બુદા ઊરત,
તરીકે મઆરેફ઼તરા રેહ નુમા ઊરત.

આ એ ની.

અને જે ખરૂં પુછેાતેા હકીકતની પુંજીનેા આ લેક (એટલે જે સચ્ચાઈને પસંદ કરનાર તથા હક વાતને જાણનાર) તે સાથે તે રેહમના ખાવંદની પે છાનતના રસ્તા ઉપર ચલાવનારથી હજ઼રત જ઼રતેાશ ત પેાતેજછે.

બૈત.

નીજ્મે આપ્રરીં નશ મુનતેજ્મ જુ્રત,
જેહાંરા મનશાએ ઈજાદ હમ ઊસ્ત.

માએ ની.

અને તમામ જેહાંનનેા બંદેાબસ્ત તે સાહએ પાક અશેા જરતેાશતથી તરતીબ પામેલેા તથા સારી દુનીઆની પેદાએશની શરૂઆત પણ તે અશેાઈ ભ રેલા પેગમબરથી જાહેરમાં આવી.

બૈત.

નહીબશ કરદ કલએ જુ્લમેા તુગીઆં,
અજુ્ રૌશન ચેરાગે શમએ ઈમાં.

માએ ની.

અને જુ્લમ તથા ફેસાદની જડ બેખ હજરત જરતેાશતનાં તરાહસ્ત તથા ધાકથી સધલી ઉખડી તા રાજ થાઈ ગઈ તે સાથે તેજ અશેા નરથી ઈમાંનની શમેદાંનીમેા ચેરાગે રેાશની પકડીચ (એટલે જે હજ રત પેગમબર સાહેબનાં રેાબનાં સબબથી જુ્લમ ત થા ફેસાદ દુનીઆથી નાબુદ તથા મફકુદ થાઈ ગએ એા અને સરવે જગેાએ ઈમાંનદારી ફેલાવેા પાંમી આશકારા થાઈ.)

બૈત.

સમદ જાએ સનમ ગુફ્તેહ શમન જુ.,
બ દીં આમદ બીઆસે બરેહમન જુ.

મા એ ની.

અને બુતપરસતો બુતપરસતી છોડીને બોદાતા લાનાં પાક નામની પરેસ્તશ જે કરવા લાગા તે હજ્ર ત જરતોશતનાં નેક રાહ બતલાવીઆ ઉપરથી જાણુ વું અને બીઆસ બરેહમન આપણા અશોઈ ભરેલા પેગમબરનાં ફરમાનને આધીન થાઈ રહે રાસ્ત અ ખતીઆર કીધો તે પણ હજરત પેગમબર સાહેબની તરફથી થાએલી રેહનુમાઈનાં સબબથી સહમજવું.

બૈત.

શેકસ્ત આમદ અજુ બૈતુસ સનમરા,
ફરૂજાં કરદ આતશગાહે જમરા.

મા એ ની.

અને તમામ આલમનાં બુતખાનાઓમાં ફુટ આ વી પડી તે પણ હજરત જરતોશતથી જાણવી અને તે સાહેબે હજરત જમશીદનું આતશકદેહ રોશન કરેલું.

બૈત.

જેહાં અજ પરતવશ ગરદીદ પુરનુર,
જ આલમ કુફરો જુલમત જુમલે શુદ દુર.

આ એ ની .

અને તે હજરતના નુરના કીરણના પરકાશવાથી તમામ જેહાંન રોશન થાઈ તે સાથે દુનીઆની અંદરથી સઘલી તરેહની બેદાદી બુતપરસ્તી તથા જુલમત નાબુદ થાઈ ગયેા.

બે ત .

જ઼ જંગે કુફ્ર આલમ શુસ્તેા શુ દાદ,
જ઼ નુરે દીં જેહાંરા આબરૂ દાદ.

આ એ ની .

અને કુફરપણાનેા જે કીટ આલમનાં લેાકેા ઉપર ચહડી ગએેા હતેા તે ધેાઈ ધાઈ સાફ કરી નાંખી એેા (એટલેજે બદીના મારગથી ગુમરાહેાને છેાડવી નેકી તથા પરહેજ઼ગારીના રસ્તા ઉપર લાએેઆ) તે સાથે પેાતાની બરહક મજ઼દીયશની દીનના પરકાશથી જેહાંનના ચેહરા ઉપર બખશેશનેા વરસાદ વરસાવી એેા (ઇમાને ગુમરાહેાને સીધે મારગે ચાલવાની રેહ નુમાઈ કીધી).

બે ત .

બ હરજા રાયતે દીનશ અલમ જ઼દ,
બ નસખે કીશે પીશીનેહ કલમ જ઼દ.

મા ઞે ની.

ઞને જે જગેા ઉપર હજરત જરતેાશતની દીન ના જીહનડેા લઇ જાઈ ઉભેા કરવામેા આવતેા તાંહાં થી આગલા જમાનાની પરેસ્તશ કરવાની લુડી રસ્ત મેાને તારાજ કરી પાછા આવતા.

બે ત.

બ દુનીઆં ચું સલાઞે હક દર અંદાખત,
રહે બાતેલ જ બીખેા બુન બર અંદાખત.

મા ઞે ની.

ઞને જવારે દુનીઆની અંદર આપણા પેગમ બર સાહેબે આવીને પરવરદેગારની રાહ ઉપર ચાલ વાની સરવે કેાઈને દઞાવત કીધી તેવારે બાતેલ તથા ગુમરાહીના રસતાને એકેદમ સરવે એ જડ બેખમાં થી ઉખેરી નાખી નેક મારગ અખતીઆર કીધેા.

બે ત.

ચે અંદર મદેહે ઊે ગુયદ ચુ મન કસ,
ઞેતાયશ દર અવસ્તા મર વેારા બસ.

મા ઞે ની.

હવે માહારા જેહવા નાચીજ તથા કમઅકલ શખસથી તે અશેાઈ ભરેલા પેગમબરના તારીફ તે

સું થાઈ સકે વાસતે હું એટલુંજ કેહુંચ કે અવસતાની અંદર તેહની જે તેહસીન તથા તોસીફછે તેજ બસ.

બેત.

ખેરદ હરચંદ વસફશ નગજ, ગુયદ,
ચુ વા માંનદ જ, ગુફતન ઈજજ, ગુયદ.

મા ઞે ની.

અને અકલ પોતાની કુવ્વતથી અગરચે ગમે તેહવી હજરત નરતોશતની તારીફ કરે પણ જેવારે તેહનાથી પુરતો રીતે તે સાહેબની સના કેહવાએ નહી તેવારે આજેજ થાઈ જાઈ ચુપકીદી પકડે.

બેત.

અગર દર બએજે, ગુંનજાનદ કસી કાફ,
બ દફતર મીં તવાનદ બુરદશ ઔસાફ.

મા ઞે ની.

અગર કોઈ કઈ તદબીરથી "કોહેકાફ" ને ઈંડાંના કોટલાની અંદર સમાવેતો તેહની તારીફભી દફતરમા લાવી સકાએ. (ઈમાને અગરચે કોઇ કબુ બી નહી બની સકે તેહવું કામ બજાવેતો તેહનીભી સ્તુતી લખવામાં આવી સકે લેકીન કોઈની તવાનાઈ નથી કે હજરત જરતોશતની પુરતી વખાણ ગાએ).

બે ત .

જ઼ ઈમકાંનરત ઊરા રૂતબએ બરતર,
કુજા અજ઼ મન શવદ મદહશ મુયસ્સર.

મા એ ની .

લેકીન હુજ઼રત જ઼રતોશતની પદવી તથા મરતબો આએ ફાંની જેહાંનમાં વસનારાએ કરતાં બાલા ત થા બરતરછે તેવારે આહારા જેહવા નાકેસ તથા કમ ફેહમથી તે સાહેબની પુરતી રીતે મદેહ કેમ કરીને લખાઈ સકાએ.

બે ત .

ખેરદ કએ મદેહે ઊ સંજ઼દ બઈદરાક,
બરાબર કએ શવદ જ઼ ખા સીહે ખાક.

મા એ ની .

અને વલી અકલ તે હુજ઼રતની તારીફને દાના ઈનાં તરાજુમાં મુકી શી રવેશે તોલી સકે કાંએકે ખા લેસ સુનાંને કાલી માટી સાથે સું નીસબતછે.

બે ત .

મોહીતે વસફે ઊ રા નીસ્ત સાહેલ,
અજાં શુદ બર દરૂદશ તબએ માએલ.

મા એ ની .

તે સાથે તે સરવરે ગેરાંમી (એટલે જે બુજો રગ

સરદાર) ની તૌસીફનો દરીએા હેવાતો બોહોલો તથા ફરાખ્છે કે તેહનો કેયેબી કીનારો હાત લાગતો નથી તેથી કરીને તે પાક પરવરદેગારનાં બરહક પેગમબર હજરત જરતોશતનાં રૂહ ઉપર દરૂદ તથા આફરીન પહડવાનો જીવ થાએચ. ..

બેત.

બકદરે અખતરાંનો બરગે અશજાર
બકદરે કતરેહાએ આબે ઈમતાર.
બરૂહે પાકશ અજમાં આફરીં બાદ,
દરૂદશ રૂજો શબ બામાં કરીં બાદ.

આ એ ની.

વાસતે તે અશોઇ ભરેલા પાક નરનાં રૂહ ઉપર જેટલાકે આસમાન ઉપર સેતારા હોએ અને જહા ડો ઉપર પાતરાં હોએ તે સાથે આસમાન ઉપરથી જે વરસાદ વરસેચ તેહનાં દરએક ટીપે ટીપે આફરીં હોજો અને હજરત જરતોશતની દુઆ રાત ને દાહા ડો હમારી ઉપર મદદગારી બખશનારી હોજો.

બેત.

બ ઔલાદશ કે શમએ રાહે દીનંદ,
ખુરે તાબીનદએ મુલકે ઇઅકીનંદ.
દરૂદો આફરીં બે કીરાં બાદ,
જ ઈશાં ફૈજ બરમા જાવીદાં બાદ.

માફીની.

અને તે પેગમબર હજરત જરતોશતની ઔલાદ કે જે દીનનાં રસતા ઉપર અજવાલું બખશનાર એ રાગની મોસાલે તથા ઇબ્રકીંનદારીનાં મુલકનાં રોશન પરકાશતા આફતાબની માનંનદછે તેઓનાં પાક રૂહ ઉપર બેહદ તથા બેશુમાર તેહસીન તથા દુઆ હોજો અને તે સાહેબોથી હમારા ઉપર જાવેદાન સુધી બખ્ શેશ તથા રેહમનું ફેજ, જારી હોજો.

દાનાઈ, અકલ તથા નસીહતના ચુંટી કાહાડેલા મુકરાએા

ના

ગુજરાતી જુબાંનમાં

કરેલા તરજુમા.

નુકતો.

તંનદરોસતી જેછે તે સરવેથી ઉતમમેા ઉતમ દોલતછે.

નુકતો.

તંગદસતીના વખતમાં હારી નહી ખાવું અને ગજબ તથા ગુસ્સાના વખતમાં આકલા નહી થાઈ જાવું.

નુકતો.

જે કેાઈકિ તંગદસ્તેાને તેએાની તંગીની હાલત માં મદદ કરેચ તેા ફરતા આસમાંનના ચકરમેા જે વારે તેહવેા શખસ આવી પડેચ તાહારે તેહની મદદે બીજએા જાઈ પેાંહેાંચેચ.

નુકતો.

ગુનેહગાર તવંગરના કરતાં પરહેજગાર ફકીર ભલેા.

પંદ.

બીઅદબ અકલમંદ એક મેવા વનાનું જાહાડ છે કે જેહને ફલેા નથી લાગતાં.

નુકતો.

સખાવત તે તેહનું નામછે કે પોતા પાસ જે કંઈ હોએ તે મયેથી બીજાઓને બખશવું નહી કે લોકો પાસથી પડાવીને બીજાઓને દાંન કરવું અને પોતે ખરાબી ભોગવવી.

નુકતો.

માલદારને સજાવારછે કે તકબોરી તથા ગુરરાજ કરે નહી અને તે ખાલેકે જે કાંઇ એનાઅત કરેલું હોએ તે ઉપર શુકર બજાલાવી બીજા જે પોતાથી કમ લાએગના હોએ તેઓ સાથે હલી મલી ચાલે.

પંદ.

ગુસ્સો ચહડેલો હોએ તે વેલા નરમાસ તથા બુરદબારી હેવીતો કાંમ લાગેચ કે તેહનો અંત આખરે કાર નેકી બરેઓજ હોએચ અને તેહવા સમાનો જે આપણે તપી ગયા હોઇએતો તેહનો છેડો બદી તથા ગમી સીવાએ બીજે કસીબી રીતે હાત લાગતો નથી.

નુકતો.

નેકી આગમચથી કરી લેવો કે આખેરતની વેલાએ કાંમ લાગે.

પંદ.

ચુપકીદી અખતયાર કરવી એક સલામતીની નીશાન જેહવુંછે.

પંદ.

ઇનસાંનની ઉપર જે કંઇ બલા આવી પડેચ તે તેહની લુલીની લબથી જાણવું.

પંદ.

અચ્ચે અકલમંદ તું ગાફેલ ના રેહતો. મોહોાત જેછે તે સરવે બીજી ચીજો કરતાં તાહારી નજદીકી માં વધારે રેહચ.

નુકતો.

બદનના સરવેથી ઉતમમેા ઉતમ તથા બદતરીને બદ ભાગેાવાંનેા ભાગ દીલછે વાસતે પાકી પરહેજ ગારી રાખી હેાએતેા તે દીલની જેટલી વખાણ કરી એ તે ઓછી છે અને જો દીલ નાપાકી તથા ફકુરત ભરેલું હેાએતેા તેહનાથી ડરતા તથા નાહસતા રેહવું.

પંદ.

અદબ જેછે તે બેઅદબેાથી શીખવી જોઇએચ.

નુકતો.

ચેહસાંન કરવાથી દુશમન હેાએચ તે દેાસત બની જાએચ તેમ જફા તથા જુલમ પાડવાથી દેા સ્ત દુશમેન થાઈ જાએચ.

પંદ.

તાહારા દીલનેા સાથેા બેદ તાહારા દેાસ્તને ના કેહતેા મબાદા તે તાહારેા દુશમેન થાઈ જાએતેા—અ

ને વલી તાહારા દુશમેન ઉપર એટલી બધી ઈજ્જ ત થા જરૂર ના પાડતો કોણ જાણે કાલે ઉઠી તે તાહારો દોસ્ત બનેતો તેહની નજર સાંમને તું ને શરમાવવું નહી પડે.

નુકતો.

એહમક ગમે તેહવોભી ખુબસુરત હોએ તોએ પ ણ તેહની સાથે દોસ્તી નહી રાખવી કારણ કે તલવાર ગમે તેહવી ચલકતી તથા તેજી ભરેલી હોએ તોપણ તેહની આદત ઉપર નજર કરવી સજાવારછે.

પંદ.

ચાર શખસોનો તપાસ ચાર હાલતમાં બરાબર રીતે થાઈ સકેચ—ગુસ્સા તથા ગનબની વેલાએ અ કલમંદની—બહાદુરની ડર તથા દેહશતને સમે—કરીમની પરખ તંગદસ્તીનાં અઈઆમમા—અને દોસતની દોસતીની ખબર કંઈભી કાંમ પાડવાથી જણાઈ આવેચ.

નુકતો.

જે ધણી ખોદાતાલાને તથા મોહોતને હરઘડી પોતાની નજર આગલ રાખેચ તે શખસથી ગુનાહના કાંમો બનવાં મુશકેલ થાઈ પડેચ.

નસીહત.

તાહારાથી ઉતરતા નસીબાવાલા જે તાહારા હાથ

નીચે રેહતા હોએ તેઓ ઉપર રેહમ કરતો રેહ કે ખો દાતાલા તેહનો બદલો તું ને આપેઆ વના રેહશે નહી.

નુકતો.

જે બેદ તું જાણે કે બાહાર પાડવો નથી તો પેહલે તું તાહારા બેહુ હોટો ઉપર ટાલું મારજે.

પંદ.

અગર તું ચાહતો હોએ કે પરવરદેગારના કેહર થી તું બચેલો રેહે તો તેહના મોકલેલા બંદાઓ ઉપર મેહરબાંની રાખતો રેહજે.

પંદ.

અગર નીચે જણાવેલી પાંચ ખસલતોને તું અ ખતીયાર કરી રાખસે તો દુનીઆ તથા આખેરતમાં બુજોરગી પાંમેલો કેહવાસે.

પેહલું—સાચી વાત જાણતો હોએતો જુઠું હર ગેજ બોલતોનાં.

બીજું—જાંહાંવેર હલાલનું મલે તાંહાંવેર હરામ નાં ઉપર નજર કરતોનાં.

ત્રીજું—જે તાહારી હાજતો ખોદાતાલાથી ચાહા વાની હોએ તે વીશે બીજાઓ આગલ નકામા તાહા રા હોટ ના ફફરાવતો.

ચોથું—અને તે સાહેબની ખીદમત ગુજારીમાં ક મર કશી તો ગુનાહો તરફ રજુ ના થાતો.

અને

પાંચમું—તું પોતાને ઐબથી ભરેલો જોતો હોએ તો બીજાઓની ઐબ પાછલ તાહારી જબાંન ના ઉઘાડતો.

નુકતો.

તપાસ કરી ચુકેલાઓને પાછા તપાસવા તથા આપણું જાંનના વેરીને એટલે જે ઈઆંકાર જાન વર કે જે આપણા ફાંસાંમા આવેઉં હોએ તેહને છોડી મુકવું અકલમંદોનું કામ નથી.

પંદ.

કનાઅત તથા સંતોશ કરનારા ઈનસાંનનાં જેહવું બીજું કોઈ તવંગર નથી—અને તે ખાવંદની ઈઆદમો ખુણું અખ્તયાર કરી બેસનારા આએ દુનીઆની બલા તથા આફતથી સલામતી પાંમેય—અને બુરા હવસોને તરક કરવાથી છુટકારો મેલવેય—અને લોભ તથા લાલચ છોડી દીધી હોએતો દોસતી નો ગાંઠ મુકવી થાએય.

નુકતો.

સખુન મોહોડામોથી કાહાડવો અને તે ઉપર અમલ કરવો નહી એ સમાંન બીજું કસ્સું બુરૂં નથી અને વગર ઢોલ વજાડવે ચુપચુપ કરવું તેહના જે હવું અફજલ વલી બીજું કસ્સું નથી.

નુકતો.

ઇનસાંન જેહવી દોલત ઉપર પોતાની હાજત બ તલાવેચ તેહવી જો અકલ તથા ઈલમ હાંસલ કરવા પછવાડે ઉલટ દેખડાવેતો તે કેહવું બેહતર.

નુકતો.

બાપથી આગ્યે દુનીઆગ્યે ફાંનીમા આપણુ જન મ પાંમીગ્યેચ અને ઉસતાદથી તરબીઅત હાંસલ કરી આખેરતનો મારગ અખતીઆર કરીગ્યેચ.

પંદ.

ઓરત—મસત—અને નાધલા બાલકનાં સખુ ન ઉપર દુરઅંદેશો કરી ભરૂસો લાવવો.

નુકતો.

ભારી બોજાથી બદનનાં સાંધાંઓને નુકસાંન પોં હોંચેચ અને નાલાગ્યેકની દોસ્તી રાખવાથી જાંનને ઈજા પોંહોંચેચ.

પંદ.

હેવું કાંમ સું કરવા કરીગ્યે કે અંતે પશેમાંન થાવું પડે.

પંદ.

જે ધણી પોતે નાદાન હોગ્યે અને પોતાને અકલમં દ સહમજે તેહવા શખસથી તું દુરી અખતીઆર કર.

પંદ.

અગર તું ચાહે કે પોતાને ઈજા. તથા દુખ ન હી થાએતો કોઈને આજા.ર દેવા પછવાડે મંડતો ના.

પંદ.

તહમો ચાહતા હોવો કે તહમારેથી નાધલી ઉમ રનાઓ તમોને માંન તથા ઈજ્તની નજ.રથી જુવેતો તહમો પેહલ્લે તહમારેથી જોઓ બુજે.રગી પાંમેલા હો એ તેઓની મુદારાત કરતા રેહજો.

નુકતો.

નાલાએકનું એહસાંન માથાં ઉપર ખેંચી લેવું તેહનાં કરતાં પોતાના દીલની તેહવી ખાહેશ એકબા રગી પડતી મુકી હોએતો સારૂં.

નુકતો.

દોલત શીવાએ બીજી સધલી ચીજ. અકલની મો હોતાજ રેહચ.

પંદ.

પોતાની તારીફ કરવી તે જાણે પોતાની બેવકુફા ઈ જા.હેર પાડેઆ બરાબરછે.

નુકતો.

બોલ બોલતાં કસમ ખાવા તે એક જુડા બોલના રની જુદું બોલવાની મોહોટી નીશાંનછે.

નુકતો.

દોસ્ત તો તેહને કહીએ કે પોતપોતામાં જેવારે બેઠા હોએ તેવારે એકબીજાને માંન આપી વાત કરે અને તેઓની પાછલ ખુબી તથા બુનેરગી શીવાએ બીજા સખુનો નહી ઓચરે.

નુકતો.

અકલમંદ શખસની જબાંન—કાપવાનાં કામમાં તલવારથી વધારે તેજ ભરેલી હોએચ.

પંદ.

એટલી નરમાસ તથા મીઠાસ ના રાખ કે તુંહને કાચોને કાચો ગલી જાએ અને વલી એટલી કડવા સબી ના દેખાડ કે તુંહને મોહોડામાંથી નાખી દીએ.

નુકતો.

ઘણો લવલવારો કરનાર જાતે હલકો ઠડેચ.

નુકતો.

જાંહાંવેર આપણા મોહોડાંમો સખુનછે તાંહાંવે૨ આપણ તેહના માલેક છઈએ અને એકબારગી છુટો કે કોઇબી ઉપાએ કરવે પાછો ફરતો નથી.

નુકતો.

જે ધણી દાનાઓ સાથે મશવરત કરેચ તે ફસ વાઇથી હમેશાં બચેલો રેહેચ.

નુકતો.

અકલમંદ શખસ તેહને કેહવો જોઇએ કે કોઇ તેહની તારીફ કરતું હોએતો તેથી ખુશી નહી થાએ.

નુકતો.

દોસ્તીનું ખીલવું સારા સારા સખુનો ઓચર વાથી થાએચ અને દુશમનીનો પાયો દુરગંધ શબદો વાપરવાથી જહુરમાં આવેચ.

પંદ.

તાહારા બાપ તથા માએ સાથે નમીને આદરમાંનથી ચાલ કે તાહારાં બચાંઓબી તુંહને તેજ રવેશે માંન આપેઆ કરે.

પંદ.

તું નેકી કરીને નામદારી મેલવે તે તા હારૂં નાંમ કરેલું કેહવાએ બાકી તાહારા બા પનાં નામથી તું ઓલખાએ તેહમાં તાહારી નાંમદારી નહી ગણાએ.

નુકતો.

નાદાનીનાં કરતાં બીજું કસ્સુ મોહોટું દરદ ન થી અને સવાલ કરવાથી જેહવી પશેમાંની તથા ખ રાબી હાંસલ થાએચ તેહવી બીજા કસ્સાથી થાતી નથી.

પંદ.

સવાલ કરવા આગમચ ઉંચકી આપેઉં તે તે ખ

રી સખાવત બાકી ટવલાવી ઢકેલા ખવડાવી આલ મને આશકારા કરી કંઈબી આપે અને પછી નામ દારીનું બાંકું ડુકાવવાની રાહ જુવે તેહવા શખસ ની ઉપર ફીતકાર હોજે.

૫ મું દ.

બુરામેા બુરેા નખમ તેહને કેહવેા કે દુખની વે લાએ મદદ ચાહાનારને આસરેા આપવાની જગેાએ નસીહત કરવા બેસવું.

નુકતો.

કનાઅત જેછે તે મેાહેાટી દેાલતછે અને જે હેનામાં સંતેાશ નહી હેાએ તે પાસ પછી ગમે તેટ લેાબી માલ હેાએ તેાબી તે ધરાતેા નથી.

૫ મું દ.

નેકબખત શખસ તેહને સહમજવેા કે જેહની તારીફ ખાંનગી મકાનેા તથા જાહેર મજલસેામાં થાએ.

૫ મું દ.

બે શખસ લડતા કે વહડતા હેાએ તેઓનાં દર મીઆંન આતશનેા જેસ્સેા વધારતેા ના કારણ કે જો તેઓ પાછા મલેતેા તુંહને શરમીંદગી હાંસલ ક રવી નહી પડે.

૫ મું દ.

તાહારા હાથથી કંઈ ચીજ ગઈ હેાએતેા તું તે

હનો અફસોસ ના કરતો કાંએજે અગરજો તાહારામો શકતી તથા કુવ્વત હશેતો તું તે પાછી હાથ કરી શ કસે અને અગરજો તેમ કરવાની તાહારામાં તાકાત નહી હોએતો અફસોસ કરવાથી સું મલવાનું છે.

નુક તો.

બખશેસનાં કરનારાની બુરામો બુરી ખસલત એ છે કે પોતાની આદત છોડી મુકવી અને કનજુસ ત થા બખીલની સારામાં સારી ખસલત એછે કે પોતા ની ટેવ છોડી મુકવી.

પંદ.

જુવાનીમાં દાનાઇ સીખવી અને પુખત ઉમર માં તે ઉપર અમલ કરવો જોઇએ.

પંદ.

અકલમંદ તેહને કેહવો કે નેકી તથા બદીને પી છાને અને ભલાં તથા બુરાંનો દોશ નહી રાખે.

પંદ.

દોસ્તી હેવા શખસની કર કે જરા જરામો તા હારેથી બેજાર નહી થાએ.

નુક તો.

અકલ એક હેવો ચેરાગછે કે જેહની રોશનીનાં પરકાશવાથી નેક તથા બદની તમીજ થાઇ શકેમ.

નુકતો.

ખરો સખી તથા હીમ્મતવાંન નર તેહને કેહવો જોઇએ કે જે લેવાનાં કરતાં આપવાની વધારે ટેવ રાખે.

નુકતો.

જે ધણી સાચ્ચાંનો સાથી હોએ તેહને જુહું હરગેજ થાઇ પસંદ નહી આવે.

પંદ.

કોઇ ચીજની તમા તથા લોભ ના કર અને જો તે પોતાની મેલે વગર માંગવે આવી મલેતો તેહનો અટકાવ ના કર અને જેવારે તે ચીજ તેં લીધી તે વારે તેહને સંધરી રાખવાની તરવેરમો ના પડ.

નુકતો.

ઇનસાંન સખુન બોલતાં પરખાઇ સકાએચ અને તે કેટલી સચ્ચાઇ ધરાવનારૂં માણુશછે તે તેહની સાથે કંઇબી કામ પાડવાથી જણાઇ આવેચ.

પંદ.

તવાજો કરવો સરવે કોઇને લાજમછે અને દીલ તમંદનામાં જો તે ખસલત હોએતો તેહની ખુબી વધારે ગણાવામાં આવેચ.

પંદ.

તમામ આલમનાં લોક તાહારેથી રાજી હોએતો જાણે તેં પરવરદેગારની ખુશનુદી હાંસલ કરેલી કેહવાએ.

નુકતો.

ખોદાતાલા જે હાલતમાં આપણને રાખે તે ઉપર રાજી થાઈ શુકર બજા લાવવા.

પંદ.

સઘલી એબોને ઢાંકનાર હુનર જો જોશોતો તે સખાવતછે.

નુકતો.

નેકનામી શીવાએ બીજી કસી ચીજ પાયદાર રે હનાર નથી.

નુકતો.

સખી તેહને કેહવો કે જે સવાલ કરનારને ત પાવીઆ નહી કરે અને જે કંઇ આપવું હોએ તે હવી રીતે આપે કે કોઈના રૂહને ખબરભી નહી પડે.

નુકતો.

જુહું બોલનારને જાહાજી યાદ રેહતી નથી.

નુકતો.

અકલમંદ શખસ જેહવી અને જેટલી હાજત હોએ તેટલુંજ બોલેચ.

પંદ.

દોસ્ત તેહને કેહવો કે જે ધણી પોતાની મતલ બને એક કોરે મુકી પોતાના દોસ્તની મકસદને પેહ લ્લે મર લાવે.

૫ંદ.

દોસ્ત અને દુશમન બંધે જણાએાનું આપણા હાથમાં આવવું એહસાન કરવાથી થાએચ.

૫ંદ.

કોઈના કરેલાનું વેર લેવું તે પોતાના બુરા હવ સને ખુશ કરવા બરોબરછે લેકીન તેહને માફ કરવું તે જાંણે પરવરદેગારની ખુશનુદી હાંસલ કરેલી કેહવાએ.

૫ંદ.

જે ધણી તાહારી સાથે સુલેહ તથા સંપન્ન ચાહ તો હોએ તેહની સાથે લડાઈ નાં કર અને જે શખ સ તાહારી પનાહમાં આવે તેહને ભુલથાપ આપી ખ રાબ નાં કર.

નુકતો.

દુરઅંદેશી તથા ફીકર કરવી તે જાણે આફીએ તનો કીલ્લો તથા અમનોચમાનની પનાહગાહછે.

૫ંદ.

જે કાંમ કરવાથી એક શખસ પશીમાંન થાએએો હોએ તેહવું જ કામ કરવાથી બીજાએ સું કરવા શર મીંદગી હાંસલ કરવી.

૫ંદ.

કમીનાએો પાસથી રોટીના ટુકડા ખાઈ જીવી આનાં કરતાં ભુખમરાથી મરવું બેહતરછે.

51479

પંદ.

નાશુકર તથા બદ ગૌહરો ઉપર એહસાંન કરવું લાએક તથા લાનમ નથી.

પંદ.

અગર તું પોતાને ખોદાતાલાનો બંદો સહમજ તો હોએતો શુકરગુજારી તથા પરેહનગારી અખતેઆર કર અને ગુનાહના કાંમોથી દુરી પકડ.

પંદ.

દુનીઆના કારોબારમા ફસી પડેલાએ પોતાને વાસતે આખેરતના તોશાનો કસોબી વીચાર કરતા નથી.

પંદ.

ઇનસાંનોમાં બુડી ખશલતનુ ઇનસાન તે છે કે કોઇનું સારૂં જોઇ તથા વાંચી નહી સકે.

નુકતો.

સચ્ચાઇ તેહને કેહવી જોઇએ કે જેહવી જબાંન તે હવુંજ દીલ અને જેહવા સખુંનો તેહવીજ કરણી હોએ.

પંદ.

જે ધણી તાહારૂ બુરૂં ચાહતો તથા વમાસતો હોએ તેહવા શખ્સ સાથે વપારે નેકી કર.

પંદ.

દુનીઆની આએ સધરી આરાસ્તગી તથા રચના ઉપર દીલ નહી બાંધનારાઓ જેવારે આએ બુ

હાં ડોસાંને મુકી હકની બારગાહે જાએચ તે વખતે તેઓને કસી તરાંહની ઈજા ઉઠાવવી પડતી નથી.

નુકતો.

ખેરદમંદ લોકોથી મુલકની આબાદી અને દીન ની મજબુતી પરહીજગારોથી થાએચ.

પંદ.

દાનાઓની નસીહતોની મોહોટા લોકોને જેટલી હાજત રેહ્ય તેટલી ખરેખરા દાનાઓ તેહવા બરે મલેકોની સોહબતની ખાહેશ રાખતા નથી.

પંદ.

બદ તથા નાલાએક શખ્સો ઉપર રેહમ કરવું દાનાઓ ઉપર જુલમ ગુજારવા બરાબરનું જાણવું.

પંદ.

દુશમનની કરેલી નસીહત ઉપર ચાલવાથી નુક સાંન હાંસલ થાએચ પણ તેહની નસીહતની વાત સાંભલી લઈ તેહના બતલાવેલા મારગથી દુર અંદેશો કરી ઉલટો અમલ કરવાથી ફાએદા થાએચ.

નુકતો.

હદથી જ્યાદા ગુસ્સો કરવાથો તેહનુ વજન રે હતું નથી અને વગર કારણે મેહરબાંનગી બતલાવી આથી તેહની અસર કઈ જણાતી નથી.

નુકતો.

બદ ખસલતનું ઈનસાંન પોતાની જાતી બલાની અંદર હંમેશ ગીરફતાર રેહચ તેથી જાંહાં જાઈ ઉ ભો રેહચ તાંહાં અકુબત તથા સરજનેશ શીવાએ બીજું કસું જોતો નથી.

પંદ.

દુશમન જેવારે પોતાના સરવે ફન ફરેબોથી શાં ભાને જેર કરી નથી શકતો તેવારે દોસ્તીનો દરવા જો ઠોકેચ અને દોસ્તીના લેબાસમા હેવાંતો કસાઈ ના કરમો કરેચ કે તેહવા કરપીણ કરમો બીજા કોઈ થી બની શકે નહી.

પંદ.

સાંપનુ માંથું દુશમનને હાથે છુંદાવ કે બે ફાય દામાથી એકુબી ફાયદો તુંને હાથ લાગા વના રેહશે નહી એટલેજે જો દુશમન ગાલેમ થાશે તો સાંપ મરસે અને જો સાંપ તેહના પંનજાથી છુટશેતો દુશમેનને કરડેઆ વના રેહસે નહી.

પંદ.

લોભીઓ તમામ દુનીઆંની એનાઅતોના ના જેલ થાવા છતાં હજી ભુખીઓછે અને સંતોશી એ ક કટકા રોટી ઉપર કનાઅત કરી શુકર ગુજરેચ.

નુકતો.

જે શખસ પોતાના ચાલતા ચલણમાં કોઈ ઉપર રેહમ નહી કરે તેહવો ધણી જેવારે વીપતમા આવી પ ડે તાહારે તેહને મદદ કરનાર કોઈ મલો નહી આવે.

પંદ.

સબુરી તથા ધીરજ રાખવાથી માહા મુશકેલ કાં મોનો તુરત આંસાંનીથી નીવેરો આવી જાએચ અને ઉતાવલ કરવાથી તે કાંમોનો બીગાહો થાએચ એટલું જ નહી બલકે તેહની અંદર આપણે ફસી પડીએચ.

નુકતો.

હાથે મુકેલું હસે તે મલવા વના રેહસે નહી પ ણ જે ચીજ મુકેલી નહી હશે તે હરગીજ હાથ લા ગનાર નથી.

પંદ.

હસદ તથા અદેખાઈનો કરનાર હકતાલાની ને આમતોથી બેનસીબ રેહચ અને બેગુનાહોનો હરડ તો દુશમન થાઈ લાગેચ.

પંદ.

ગમે હેવો મહડેલો કામેલ શખસ હોએ અને તે પોતાની દાનાઈ જાહેરમા નહી લાવેતો તે ધણી વ ગર મધની છુંઆકાર માંખના જેહવોછે.

૫ ૬ .

જે ધણી પોતાના કરતાં વધારે દાનાઓ સાથે બે હસ તથા તકરારના મેદાનમાં ઉતરેચ કે લોકો સહમ જે કે પોતેબી માહા દાનાવછે તો તેહના જેહવો ના દાંન કોઈ બીજો નહી સહમજવો.

૫ ૬ .

જે ધણી સહમજાવેલો તથા વારેલો નહી વલે તે હારેલો વલે.

૫ ૬ .

જે શખસ પોતાથી બુજે રગીને પોહોચેલાઓ સા થે ટંટો ફેસાદ નકામો ઉઠાવે તે ધણી શરમીંનદગી તથા ખલાખત શીવાએ બીજું કસું હાંસલ નહી કરે.

નુકતો.

બરા મલેકોને સારા એખલાસથી નસીહતના જો કદાચ બે સખુંનો કેહવાઆ હોએતો તેઓ તેહનો ઉપકાર માનેઆને બદલે નકામા અદાવત તથા ઈત રાજ તેહવા શખસ ઉપર બતલાવેચ.

00051479



Digitized with financial assistance from the
Government of Maharashtra
on 15 June, 2016